# વાર્તામેળો

# 3

**સંપાદક :** દર્શા કિકાણી

● પ્રકાશક ●

**વિચારવલોણું પરિવાર**

અમદાવાદ

# સાન્તાનું સિક્રેટ

(આશ્કા હિતાર્થ જોષી, શ્રેયસ ફાઉન્ડેશન)

નાતાલની પૂર્વ સંધ્યાએ ચર્ચમાં એક અપંગ વ્યક્તિ પ્રભુ ઈસુને પ્રાર્થના કરે છે. વ્હિલચેર પર બેઠા બેઠા ઈશ્વર પ્રત્યે પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરે છે. ‘હે પ્રભુ! તારી કૃપા અમારા પર સતત વરસતી રહે અને આ જગતમાં હું તારા ગુણગાન ગાઈ શકું છું. તારી કરુણા અને પ્રેમ સદા સર્વત્ર સર્વ પર વરસે જ છે.’ મારા પરિવાર સાથે હું નાતાલમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજનાં ચર્ચમાં આવી. ચર્ચ રોશનીથી ઝગમગી રહ્યું હતું. લાઈટ તેમજ ડેકોરેશન અદ્‌ભુત હતું. નાતાલનો તહેવાર, ખાસ કરીને ખ્રિસ્તીઓનો તહેવાર. સૌ ખ્રિસ્તિ ભાઈ-બહેનો ઘર, શેરી, ચર્ચને રંગીન રોશની કરે અને સજાવે. સૌથી મહત્ત્વનો તહેવાર. નાતાલનું વૃક્ષ પણ સરસ રીતે સુશોભિત કરે. તેના પર તારાઓ, ફૂલ, રમકડાં, લાઈટસ્ મૂકી શણગારે. બાજુમાં સાન્તાક્લોઝ દાદા પણ હોય. તેમનું અમને જબ્બર મહત્ત્વ. એક આકર્ષણ. અમને બાળકોને અવનવી ભેટ આપે, અમારી સાથે નાચી-ગાઈને નાતાલની ઉજવણી રંગે-ચંગે કરે. આમ તો હંમેશની જેમ અલગ-અલગ ધર્મસ્થાનો પર જવાના આશયથી મમ્મી-પપ્પા મને લઈને અહીં આવ્યા, ‘હું કાંઈક પામુ.’ તે આશયથી - તે જ રૂટીન હતું.

ડિસેમ્બર મહિનાની ચાંદની રાત. ફૂલગુલાબી ઠંડી. યુવાધન અદમ્ય હિલોળે ચડ્યું હોય તેમ લાગતું. ચર્ચથી પાછા ફરી અમે આ ઘટનાને મનમાં આલેખી ઘરે આવ્યા. ખરેખર ઈશ્વરની કૃપા અદ્‌ભુત હોય તેમ ભાસતુ, કેમ કે શારીરિક રીતે અસમર્થ એવી વિકલાંગ વ્યક્તિ પોતાની નિર્માલ્યતા કે નિરાશા વ્યક્ત કરવાને બદલે ઈશ્વરની સતત વરસતી કરુણામાં ભીંજાતી હતી. અને લેશમાત્ર પણ પોતાની અસમર્થતાનો ઈશ્વરને દોષ નહોતો દેતો. આ નાતાલ પર્વની રાત્રે મારી સાથે પણ આવી જ એક ઈશ્વરીય અવિસ્મરણીય ઘટના ઘટી. રાત્રે બધા બાળકોની જેમ હું પણ મારી પથારીએ ઓશિકા પાસે માથું રાખી સૂતી.

શિયાળાની કડકડતી ઠંડી. રજાઈને છોડવાનું મન જ ન થાય, બરાબર રાત જામી હતી. સવારે એક સરસ ગીફ્ટ તો હોય જ, કેમ કે સાન્તાક્લોઝ દાદા મારા પર હંમેશા મહેરબાન તો ખરા જ. હું તેમની લાડલી. આખો રૂમ બંધ હોય, ક્યાંયથી હવા પણ ન આવી શકે, ત્યાં દરવાજાની તડમાંથી કે કોઈ જાણે ક્યાંથી, સફેદ દાઢીવાળા, સહુ બાળકોને અતિપ્રિય એવા દાદા ''સાન્તાક્લોઝ દાદા'' દુનિયામાં ફરીફરીને બધા જ નાના-નાના બાળકોને સાચવી લેતાં અને મને પણ સવારે નાની-મોટી ગિફ્ટ મળતી. આમ જ મારી આંખ મિંચાઈ ગઈ.

''ઊઠ ... દીકરા .... ઊઠ ... રે મારી વ્હાલસોઈ....''

કોઈ મને ઊઠાડી રહ્યું હોય તેવું લાગ્યું. સફાળી જાગીને જોયું તો લાલ-સફેદ વસ્ત્રોમાં સજ્જ, લાલ ટોપીવાળા, સફેદ દાઢીવાળા સાન્તાક્લોઝ મારી નજર સામે. ખૂબ જ પ્રેમથી મારી સાથે વાતો કરતા મને કહે, 'દીકરા ... તને શું ગિફ્ટ આપું?' મારા તો હોશકોશ રહ્યા જ નહીં, કાંઈ બોલાયું જ નહીં. મેં કહ્યું, 'તમે આવી ગયા તે જ મોટી વાત, મારે કાંઈ જ ન જોઈએ.' મારી અંગત લાગણી તેઓ સમજી ગયા હશે. મને કહે, 'ચાલ આજે હું તને આશકાની ઓળખાણ કરાવું.' મને તેઓ ખૂબ જ સરસ જગ્યાએ લઈ ગયા. આછાંઆછાં અજવાસમાં ફૂલ ગુલાબી બગીચાઓની વચ્ચે, અનેરી સુગંધવાળા વાતાવરણમાં બેસાડીને મને કહે, 'આશકા એક એવી દીકરી છે કે જેના વિચારો એકદમ સ્વચ્છ, સ્પષ્ટ અને સત્યપ્રિય છે.' આખી દુનિયા જ્યારે પીઝા, પાર્ટી અને પીક્ચર પાછળ ભાગે છે જ્યારે આશકાનું વ્યક્તિત્વ એકદમ ભિન્ન, એવું અજોડ વ્યક્તિત્વ કે જેમાં ભગવાન ઈસુનો સંદેશો સ્પષ્ટ ... ભારોભાર કરુણા અને છલોછલ પ્રેમ.

એક નાતાલ સંધ્યાએ તેને ક્યાંકથી ગલૂડિયા મળ્યાં, ઠંડીમાં ઠૂઠવાતાં અને ઉઉઉ ... ઉઉ .. આક્રંદ કરતાં. આ નાના નાના ગલૂડિયાંઓને જોઈ તેનું હૃદય દ્રવી ઊઠ્યું. તેને વિચાર આવ્યો કે, 'ચાલો, આપણે તેમના માટે એક સરસ નાનું ઘર બનાવીએ.' તેનાથી ના રહેવાયું, તેણે ઘરના કંતાન ભેગા કરી, નકામા લાકડાઓ ભેગા કરી તેમના માટે એક ઘર બનાવ્યું. બધા ગલૂડિયાઓ બરાબર અંદર ગોઠવાઈ ગયા. આશકા જાણે તેમની 'મા' હોય તેમ બધું કહ્યું કરતાં. ગલૂડિયાઓને જમાડવાનું, રમાડવાનું, ઘરમાં ઓઢાડીને સુવરાવવાનું બધું જ કામ આશકા કરે. ઘરે લાવે તો ધમાલ ... ધમાલ ... મમ્મીનાં કપડાં ખેંચી જાય. દાદીના ચંપલને બટકાં ભરે, પપ્પાને પગે ચાટે, પલંગ નીચે સંતાઈ જાય, આમ આખું ઘર માથે લે પણ બધા ગલૂડિયાઓને પોતાની કરુણાથી ઘરે લાવી પ્રેમથી ઉછેરે.''

સાન્તાદાદાની આશકા વિશેની આ બધી વાતો સાંભળી તેને આશકાને મળવાની અદમ્ય ઈચ્છા થઈ ગઈ. મને થયું પછી પેલા ગલૂડિયાઓનું શું થયું હશે? લાવ પૂછું તો ખરી. સાન્તાએ મારી સામે જોયું સસ્મિત કહે, ‘‘પછી તો આ બધા ગલૂડિયાઓ આશકાનો અનેરો પ્રેમ પામ્યા અને આવા જ બીજા નાતાલ પર્વની વાત કહેવાની તો રહી જ ગઈ. આશકાએ બીજા વર્ષમાં પણ આવો જ એક આદર્શ રચ્યો. આશકા તેનાં પરિવારનાં સભ્યો સાથે કોઈ પ્રસંગે બહારગામ ગઈ હતી. ઘરે આવીને તેમની ખુલ્લી અગાશીમાં જોયું તો એક ખૂણામાં બિલાડીના નાનાં-નાનાં એક-બે નહીં પરંતુ પૂરા પાંચ બચ્ચાં. આ બચ્ચાં તાજાં જન્મેલાં હોય તેવું તેણીને જણાયું. તરત જ તેણે બચ્ચાઓ માટે અગાશીમાં ઓટલા નીચે ખાલી જગ્યામાં તેમનું ઘર બનાવ્યું. બચ્ચાંઓને તો દૂધ પીતાં પણ ન આવડે. આ વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા આશકાએ સરસ ઉપાય કર્યો. દવાની પીપેટમાં દૂધ લઈ બચ્ચાંઓને પીવરાવવાનું ચાલુ કર્યું. સવાર, બપોર, સાંજ આશકાનો ધ્યેય મંત્ર ફક્ત આ બચ્ચાઓને ઉછેરવાનો જ. યુધિષ્ઠિર, ભિમ, અર્જુન, સહદેવ, નકુલ જેવા નામથી તરત બોલાવીને તેની અલગ દુનિયા જ રચી. ખરેખર આશ્ચર્ય થાય કે આ બધા જ બચ્ચા મોટા, હૃષ્ટપુષ્ટ ઉછર્યા. આમ આશકાના પ્રેમ અને કરુણાના મહાસાગરમાં અબોલા જીવ નવજીવન પામ્યા.

ઘરમાં તો ધમાધમ કરતાં. લોકો કહેતાં પણ, ‘બિલાડીઓ શું પાળી? બિલાડીઓ તે કંઈ પળાય?’ પણ આ બધા સામાજિક વિરોધ વચ્ચે પણ તેણીનો પ્રેમ અકબંધ રહ્યો. નાતાલ પર્વમાં આથી વિશેષ ગીફ્ટ શું હોઈ શકે?

સાન્તાક્લોઝદાદાએ પોતાની વાત પૂરી કરી, મારા માથા પર હાથ ફેરવ્યો. દાદાએ મને કહ્યું, ‘જો સમગ્ર દુનિયામાં આશકા જેવી માણસાઈ ધરાવતા લોકોનો સમુદાય બને તો કેવું!!!’

મને પણ લાગ્યું કે પૃથ્વી ઉછંગે ઉછરેલ માનવી, હું માનવી માનવ થાઉં તો ઘણું.

આ પંક્તિ સાર્થક થઈ. માનવતા જ માનવીનો સૌથી મોટો ધર્મ છે. કર્મ દ્વારા સમસ્ત જગતમાં પોતાની શક્તિને વ્યાપ્ત કરવી, જ્ઞાન દ્વારા સમસ્ત જગતમાં પોતાના મનને વ્યાપ્ત કરવું અને સૌંદર્ય બોધ દ્વારા સમસ્ત જગતમાં પોતાના આનંદને વ્યક્ત કરવો તે માનવતાનું મહાલક્ષ્ય છે. ભગવાને જે યોગ્યતા અને શક્તિ કે ક્ષમતા આપી છે તેનો સદ્ઉપયોગ કરી બીજાને મદદ કરવી. જીવન માત્ર પોતાનું ન બની રહેતા વૈશ્વિક ભાવના કેળવાય છે. ‘પ્રેમ

અને કરુણા જેવા અમૂલ્ય તત્ત્વોથી તારું જીવન પણ મહાન સિદ્ધિ પ્રાપ્ત થાય તેવું રહે.' માથે હાથ ફેરવી દાદાએ કહ્યું.

સાન્તાદાદાએ મને એક સરસ સંદેશો પણ આપ્યો.

''એક જ વૃક્ષથી ઉદ્યાનની શરૂઆત થઈ શકે છે.

એક જ સ્મિતથી મૈત્રીની શરૂઆત થઈ શકે છે.

એક જ ટહુકાથી વસંતના આગમનનો ખ્યાલ આવી શકે છે.

એક જ દિવાદાંડીના પ્રકાશે જહાજ સન્માર્ગે આવી શકે છે.

એક જ વચનથી જીવન પરિવર્તન થઈ શકે છે.

એક જ શુભવિચારથી જીવન માટે ક્રાંતિસર્જક બની શકે છે.

વિરાટ એવી નદીની શરૂઆત પણ,

એક નાનકડાં ઝરણાંથી થઈ શકે છે.''

''અરે ઊઠ! સવાર પડી … સ્કૂલે નથી જવું?… અરે હજી ઊભી ના થઈ … .'' જાગીને જોયું તો સામે મમ્મી.

બાજુમાં પડેલા મોજાં પાસે નાનાં-નાનાં ''બે રમકડાં'' અને એક ગુલાબનું ફૂલ …